


# જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ૮૦ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયત અને ત્રણ તાલુકા પંચાયતની ચૂંટણી પાછળ અંદાજે ૮૦ લાખનો ખર્ચ થશે.

જિલ્લામાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ચાલુ માસમાં યોજાવાની છે. આ ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થવાની આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે.

રાજ્ય ચૂંટણી પંચે આ ચૂંટણીની કાર્યવાહી માટે પ્રથમ હપ્તાની ગ્રાન્ટ પણ જિલ્લા વહીવટીતંત્રને હસ્તક મુકી દીધી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટે જિલ્લામાં ૭૯૫ બુથ છે. આમ દરેક બુથ દીઠ રૂ. ૧૦ હજારનો ખર્ચ થવાનો અંદાજ છે.

પંચાયતની આ ચૂંટણી માટે વાહનો, પગારભથ્થા સહિતની તમામ બાબતોનો આ ખર્ચમાં સમાવેશ થતો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાતંત્ર દ્વારા આ ચૂંટણી માટેની સંપૂર્ણ તૈયારીઓ થઈ ચુકી છે.

નગરપાલિકાઓમાં દહેગામ નગરપાલિકા ‘ડ’ વર્ગની નગરપાલિકા હોવાથી તેની ચૂંટણીનો ખર્ચ શહેરી વિકાસ વિભાગ દ્વારા અલગથી ગ્રાન્ટ ફાળવી કરવામાં આવશે. જ્યારે કલોલ નગરપાલિકાએ ચૂંટણીનો ખર્ચ તેના સ્વભંડોળમાંથી કરવાનો રહેશે.

## જિલ્લામાં ૪૩૮ મતદાન મથકો સંવેદનશીલ-અતિ સંવેદનશીલ છે !

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયત, ત્રણ તાલુકા પંચાયત અને બે નગરપાલિકાના ૯૫૨ જેટલા કુલ મતદાન મથકો પૈકી ૪૫ ટકા કરતાં વધુ મતદાન મથકો સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ હોવાનું તંત્રનું પ્રાથમિક તારણ છે.

**તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી હોવાથી આ તારણ તંત્ર દ્વારા પરિસ્થિતિ પર ચાંપતી નજર**

મળતી વિગતો પ્રમાણે ૪૩૮ જેટલા મતદાન મથકો આ કેટેગરીમાં આવે છે અને તે ૨૦૦ જેટલા મકાનો છે. ૨૬૬ મતદાન મથકો અતિ સંવેદનશીલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## આર.ટી.ઓ. કચેરીમાં સર્વર ડાઉન થતા કામગીરી ઠપ્પ

ગાંધીનગર તા ૩

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ખોટવાતા કામગીરી ઠપ્પ થઈ જાય છે. આજે પેપરલેસ અને હાઈટેક કચેરી હોવાના ગાંણા ગવાય છે. પરંતુ આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થઈ જતા આમ

**હાઈટેક આર.ટી.ઓ.કચેરીમાં વારંવાર ટેકનિકલ ક્ષતિ સર્જાતા અરજદારો ધક્કે ચઢે છે**

પણ સર્વર બંધ થતા લાઈસન્સ સહીતની કામગીરી અટકી જવા પામી હતી. હાઈટેક આર ટી ઓ કચેરીમાં વખતોવખત ટેકનિકલ ખામી સર્જાતા અરજદારોએ હોરનગતિ વેઠવી પડે છે.

નગરના ‘ગ’ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી રાજ્યની પ્રથમ નાગરિકોની અરજીઓ ટલ્લે ચઢે છે. હાઈટેક આર ટી ઓ કચેરીમાં આકરી ગરમીના દિવસોમાં એ સી પણ બંધ રહેતા અરજદારોએ હાલાકી વેઠવી પડી હતી. જયારે અરજદારોએ ઉભા કરાયેલા વેઈટીંગ રૂમમાં પણ વ્યવસ્થાનો ભોરોભાર અભાવ વર્તાય છે. છેલ્લા ઘણાં સમયથી આર ટી ઓ કચેરીને વાહન પાર્કીંગની સમસ્યા પણ ભરખી ગઈ છે. આર ટી ઓ કચેરીમાં જયાં નજર નાંખો ત્યાં વાહનોનો આડેધડ ખડકલો જોવા મળે છે. જેના પરિણામે સિનિયર સિટિઝન તેમજ મહીલાઓએ વિશેષ પ્રમાણમાં હાલાકી વેઠવી પડે છે. આર ટી ઓ કચેરીના કેમ્પસમાં પાર્કીંગ માટે પુરતી જગ્યા ન હોવાથી પણ અનેક સમસ્યાઓ સર્જાય છે. આવા સંજોગોમાં વારંવાર સર્વર ડાઉન થતા નાગરિકોના કામો પણ અટવાય જાય છે. આજે પણ આર ટી ઓ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

**જળ એ જ જીવન** - પાણીની કિંમત આ તસવીર સમજાવે છે... આર.ઓ. પ્લાન્ટ અને મીનરલ વૉટર પીનારો સમાજ કદાચ અબોલ પક્ષીઓ અને પશુઓની પરેશાનીથી અવગત ન પણ બને... પરંતુ આજે વિશ્વભરમાં પાણીની સમસ્યા દિન-પ્રતિદિન વિકટ બને છે ત્યારે અબોલ પશુ-પંખીઓ માટે પર્યાપ્ત પીવાના પાણીની વ્યવસ્થા કરવાની જવાબદારી સમાજની છે... એ જ સંવેદનશીલતા છે... એ જ જીવદયા છે....

## રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૮મીએ રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટી

ગાંધીનગર તા ૩

રાજ્ય પરિક્ષા બોર્ડ દ્વારા ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નેશનલ ટેલેન્ટ સર્ચની પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૮ નવેમ્બરના રોજ આ પરિક્ષા લેવામાં આવશે. જિલ્લામાંથી ૧૫૯૭ વિદ્યાર્થીઓ આ પરિક્ષા આપશે.ઉત્તિર્ણ થનારા વિદ્યાર્થીઓને ગ્રેજયુએશન સુધી સ્કોલરશીપ આપવામાં આવશે.

રાજ્ય પરિક્ષા બોર્ડ દ્વારા આગામી તા ૮ નવેમ્બરના રોજ રાષ્ટ્રીય પ્રતિભા શોધ સ્પર્ધા યોજવામાં આવશે. જેમાં જિલ્લામાંથી ધોરણ -૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાથીઓ પરિક્ષા આપશે. પ્રતિભા શોધની આ કસોટીમાં અંદાજિત ૧૫૯૭ જેટલા વિદ્યાથીઓ જોડાશે. રાષ્ટ્રીય પ્રતિભા શોધ અન્વયે વિજ્ઞાન,ગણિત,અને જનરલ નોલેજને લગતા વિષયો અંગે પરિક્ષામાં પ્રશ્નો પુછવામાં આવશે. આ પરિક્ષામાં ઉત્તિર્ણ થનારા વિદ્યાર્થીઓને ગ્રેજયુએશન સુધી સ્કોલરશીપ એનાયત કરવામાં આવશે. આ વિદ્યાર્થીઓને રૂપિયા ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલી સ્કોલરશીપ એનાયત કરાશે.


**બેસણું**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **હર્ષદભાઈ હિમ્મતલાલ જોષી**નું દુઃખદ અવસાન તા.૧-૧૧-૨૦૧૫ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૫-૧૧-૨૦૧૫ ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૩૦** દરમ્યાન રાખેલ છે.

સ્થળઃ- બ્રહ્મભવન હોલ, રંગમંચ સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે રાખેલ છે.

ગં.સ્વ. જયશ્રીબેન એચ.જોષી — જીજ્ઞેશ હર્ષદભાઈ જોષી
ફાલ્ગુની (નિકી) જગદીશ દ્વિવેદી — (એડવોકેટ) (મીડીયાસેલ-ભાજપ)
શિલ્પા જયોતિન્દ્ર ભટ્ટ — મૌલિક હર્ષદભાઈ જોષી




## ટિકિટ ફાળવણી અંગે પ્રદેશ નેતાઓના મૌન સામે એન.એસ.યુ.આઈ.માંથી સામુહિક રાજીનામા

ગાંધીનગર, તા.૩

કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ.એ. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૩૦ બેઠકો સમગ્ર રાજયમાં ફાળવવાની માંગણી અંગે પ્રદેશ મોવડી મંડળની આનાકાનીને પગલે વિદ્યાર્થી પાંખના પ્રદેશ એકમ સહિત તમામ જિલ્લા પ્રમુખોએ રાજીનામા ધરી દીધા છે.

આજે ગાંધીનગરમાં શ્રી શંકરસિંહ વાઘેલાના નિવાસસ્થાને પ્રદેશ નેતાઓની બેઠક મળી હતી. જે બેઠકમાં એનએસયુઆઈની આ માંગણીને લઈ કોઈ સ્પષ્ટ પ્રત્યુત્તર ન મળતાં વિદ્યાર્થી નેતાઓ બેઠક છોડી બહાર નીકળી ગયા હતા અને સામુહિક રાજીનામાની જાહેરાત કરી હતી.

પ્રદેશ એનએસયુઆઈની એક તાકીદની બેઠક પણ અમદાવાદ ખાતે બોલાવવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. રાજીનામાના સામુહિક પત્રો રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીને ફેકસ દ્વારા મોકલી આપવામાં આવી રહ્યાનું પણ એનએસયુઆઈ સાથે સંકળાયેલા સૂત્રોએ જણાવ્યું છે.

કોંગ્રેસમાં આ વખતે ટિકિટ ફાળવણીને લઈ ભારે ખેંચતાણ ચાલી રહી છે. ગઈ કાલે રાજકોટ મનપાના ઉમેદવારોને પગલે પણ રાજીનામાની વાતો વહેતી થઈ હતી. આજે એનએસયુઆઈના હોદ્દેદારોની સામુહિક રાજીનામાની વાતો બહાર આવી રહી છે.



**પુષ્ય નક્ષત્ર** - પુષ્ય નક્ષત્રમાં સોના-ચાંદીની ખરીદીનો મહિમા ખૂબ જ છે... ભારતીય સમાજ જીવનમાં દિવાળી પર્વો પૂર્વે પુષ્ય નક્ષત્રમાં સોનુ ખરીદવા સોના-ચાંદીની દુકાનો પર ભારે ધસારો હોય છે... તહેવારોને નિમિત્ત બનાવી બચત અને શણગાર બંને હેતુસર સોનાની ખરીદી કરાય છે... શુભ મુર્હુતમાં કરાતી ખરીદી સમગ્ર વર્ષ દરમિયાન સુખ-સમૃદ્ધિ જળવાઈ રહે છે....







## સ્માર્ટસીટી બનાવવા વસાહત મહામંડળના વિવિધ ૩૩ સુચનો

ગાંધીનગર તા ૩

ગાંધીનગરને શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા વિવિધ ૩૩ જેટલા સુચનો કરવામાં આવ્યા છે. જેમાં મકાન ,પ્લોટની ખરીદી અને વેચાણ માટે સમાન માળખુ તેમજ નિયમો નક્કી કરવા ઉપરાંત આંતરિક વાહન વ્યવસ્થા ,સફાઈ વ્યવસ્થા અને દબાણમુકત કરવા અસરકારક આયોજન માટે જરૂરી સુચનો કરવામાં આવ્યા છે.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા વિવિધ સુચનો કરાયા છે. જેમાં મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, સુધીર દેસાઈ તેમજ મયુર વ્યાસના જણાંવ્યા મુજબ શહેરમાં આંતરિક વાહન વ્યવસ્થા તેમજ રીક્ષા મીટર ભાડા પધ્ધતિથી દોડાવવા સહીતનુ આયોજન કરવા જણાંવાયુ છે. શહેરને વાઈફાઈ સુવિધાથી સજ્જ કરવા તેમજ શહેરમાં કચરાના નિકાલની જગ્યા નિયત કરી તેને રીસાઈકલ કરવા પણ સુચન કરાયુ છે. જયારે શહેરમાં નજર નાંખો ત્યાં દોરડાની જેમ લટકતા કેબલો દુર કરવા ઉપરાંત વૃક્ષોની કટોતી અને ઉછેર મામલે સમાનતા જળવાઈ રહે તે માટે પણ યોગ્ય ધ્યાન કેન્દ્રીત કરવા સુચવાયુ છે.પ્રવાસીઓ માટે જરૂરી સુવિધા ઉભી કરી રક્ષીત વનને મુકત કરવા લારી ગલ્લાને લાયસન્સ આપી દબાણો દુર કરવાની જવાબદારી નિયત કરવા પણ વ્યવસ્થા ગોઠવાય તેવી અનિવાર્યતા છે. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે સેકટરોમાં ટ્રાફિકને ધ્યાને લઈ જરૂરી સર્વિસ રોડ બનાવવા અનિવાર્ય છે. શહેરમાં અભ્યાસ કરતા ૬૦ હજાર જેટલા બહારના વિદ્યાથીઓ માટે હોસ્ટેલની

**ગાંધીનગરને સ્માર્ટ સીટી તરીકે વિકસાવવા વાહન વ્યવસ્થા, સફાઈ પર્યાવરણ, રોડનેટવર્ક, દબાણ, તેમજ માર્ગ સલામતીને લગતા મુદ્દાઓ અંગે અસરકારક વ્યવસ્થા ગોઠવવી અનિવાર્ય**

● અનુસંધાન પાન-૭ પર

**મળશે નહી**

ગાંધીનગર સેક્ટર-૧૭ના
કાન, નાક, ગળાના સર્જન
**ડો. યશવંત છાટબાર**
તા. ૪/૧૧/૧૫થી ૧૫/૧૧/૧૫ સુધી મળશે નહિ. તા. ૧૬/૧૧/૧૫થી રાબેતા મુજબ મળશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com